## સર્ગ આઠમો

# જૂઠાણાનું જગત, પાપની માતા અને અંધકારના આત્મજો

### વસ્તુનિર્દેશ

ત્યાર પછી અશ્વપતિ રાત્રિનું ગૂઢ હૃદય જોઈ શક્યો. પરમ સત્યને ને પ્રભુને બાતલ રાખી રાત્રિ પોતાના નિરાનંદ જગતની રચના કરતી હતી. મહાસુરો અને અરાજકતાના મહારાજો ત્યાંથી ઊભા થતા હતા અને દુઃખશોકનું નરક અનુભવમાં આણતા હતા.

એ જગત હતું ઉગ્ર અને અઘોર. સ્વર્ગના તારાઓથી એ હમેશાં વંચિત રહેતું, આત્મા જેવી સદ્-વસ્તુનો સદા ઇનકાર કરતું; એ હતું અસત્ અનંતનું પ્રવેશદ્વાર. બધી જ ઉચ્ચ વસ્તુઓ ત્યાં વિપરીત બની જતી, દેવતાઓનેય દાનવ ધર્મ અનુસરવો પડતો.

પ્રભુ જાતને જ્યાં જાતથી છુપાવે છે ત્યાં આત્મરહિત જડતાના પાતાલગર્તને પ્રાણ સ્પર્શ્યો ને આત્મચેતનાને પ્રકટાવવાનો માર્ગ શોધવા લાગ્યો, પણ રાત્રિમાંથી જુદો જ જવાબ આવ્યો. જીવને જબરજસ્ત ભૂખ્યા મૃત્યુનું રૂપ લીધું, બ્રહ્માનંદ વિશ્વવ્યાપી દુઃખમાં ફેરવાઈ ગયો. એક વિદ્વેષી શક્તિ જન્મી અને એણે આત્માના આરોહણને અટકાવવાનું, જ્યોતિ બુઝાવી નાખવાનું, ચૂપચાપ છાનીમાની આવી પારણામાંના પરમાત્મીય બાળકને મારી નાખવા માટેનું પોતાનું કારમું કૃત્ય આરંભ્યું. એના કરતૂકને કારણે ઊર્ધ્વનો યાત્રી એનો શિકાર બની જાય છે, ને માણસની અંદરની દિવ્યતાનો દેહાંત થતાં શરીર માત્ર મન-સમેત જીવતું રહે છે.

વિનાશકારી સૂક્ષ્મ સત્તાઓ અજ્ઞાનની ઢાલથી રક્ષાયેલી રહે છે. પ્રભુનાં બારણાં એમણે સંપ્રદાયની ચાવીથી બંધ કર્યાં છે, પ્રભુની કૃપાને ધર્મનો કૂટ કાયદો અંદર આવવા દેતો નથી. જ્યોતિની વણજારોને એમણે વચમાંથી રોકી રાખી છે. જ્યાં જ્યાં દેવોનું કાર્ય આરંભાય છે ત્યાં ત્યાં આડે આવીને તે એને અટકાવે છે, સત્યના વિજયોને પરાજયોમાં ફેરવી નાખે છે, જૂઠાણાને

સનાતન સત્યનું નામ આપી ઉદ્‌ઘોષે છે. આત્મરહિત પોતાના જગતમાંથી નીકળીને તેઓ પ્રભુની સામે પડે છે. રાત્રિના અંધકારમાં એમણે અડંગા નાંખ્યા છે ને આવતા દિવ્ય કિરણને એ પ્રવેશવા દેતી નથી. દેવોનાં સંતાનોનેય એ તમોગ્રસ્ત બનાવી દે છે. એમની આ નારકીયતામાંથી પસાર થયા વિના પરમોચ્ચ ધામે પહોંચાતું નથી. તેથી યાત્રીએ ધીર ને વીર બનવાનું હોય છે.

રાજા અશ્વપતિ આ નિરાશાજનક રાત્રિમાં પ્રવેશ્યો ને એને પડકાર આપતો આગળ વધ્યો. એના જ્યોતિર્મય આત્માના પગલાંથી પ્રવેશદ્વારના અંધકારને ધ્રાસકો પડયો. રાજાએ જોયું તો ત્યાં બધું ઊલટું જ હોય એવું લાગતું હતું. ત્યાંના જન્માંધ જીવો પાપને પુણ્ય સમજતા, નિરાનંદતાની શિક્ષા પોતે ભોગવતા ને બીજાંઓને તે ભોગવવાની ફરજ પાડતા. શોક, દુઃખ દુરિત એમના સ્વભાવમાં નિત્યની વસ્તુઓ બની ગયાં હતાં. બીજાઓની પીડા એમને પ્રસન્ન બનાવતી, શાંતિ એમને અશાંત બનાવી દેતી, ખૂનખાર ઝેરવેરનું ઝનૂન એમને ચઢતું. આ હતો એમનો જીવનધર્મ. નિર્દય કાળમુખી કોઈ કારમી શક્તિની આરાધનામાં તેઓ ઘૂંટણિયે પડતા. દ્વેષ ત્યાંનો મોટો ફિરસ્તો હતો. દ્વેષ દુઃખને દુઃખ દ્વેષને પોતાની મિજબાની બનાવતાં.

ત્યાંની નિર્જીવ વસ્તુઓમાં પણ આ વિપરીત ધર્મ પ્રવેશ્યો હતો. એ વસ્તુઓને જેઓ ઉપયોગમાં લેતા તેમનું અમંગલ થતું, કેમ કે એ હાથ વગર હાનિ પહોંચાડતી, ને ઓચિંતી હણી પણ નાખતી. બધી જ વસ્તુઓ ત્યાં સચેત ને સાથે સાથે દુષ્ટતાથી ભરેલી હતી.

અશ્વપતિએ ત્યાં વિનાશે વાળતા ભૂતના ભણકારા સાંભળ્યા, દાનવી ચિહ્નોની મોહિનીઓ જોઈ, રક્તતરસ્યું વરુ ને ફાડી ખાનાર કૂતરાઓનું ભષણ સાંભળ્યું. નરકના હુમલા ને આસુરી પ્રહારો ઝીલતો ઝીલતો, વિષના ઘૂંટડા પીતો પીતો એ ગમે તેમ કરીને પણ પોતાના આત્માના પ્રકાશમાન સત્યને અખંડ સાચવી રહ્યો હતો.

આમ અચિત્‌ના ગર્તમાં ગૂંગળામણ વેઠતો અશ્વપતિ એનું રહસ્ય પામ્યો. સંવેદનરહિત જગતનો સીલબંધ ઉદ્દેશ અને અજ્ઞાન રત્રિનું મૂંગું શાણપણ એને સમજાયું. એણે જોયું કે પરમાત્મા ત્યાં પોઢયો હતો અને એ અવસ્થામાં રહી વિશ્વની રચના કરતો હતો. ત્યાં હતું અજ્ઞાત ભાવિ,

પોતાની પળની રાહ જોતું. લુપ્ત થયેલા તારાઓના ઈતિહાસ ત્યાંની વહીમાં લખાયેલો હતો. વૈશ્વિક સંકલ્પની સુષુપ્તિમાંથી એને ત્યાં પ્રકૃતિના રૂપાંતરનું રહસ્ય મળ્યું.

એક જ્યોતિ, એક અદૃશ્ય હસ્ત એના સાથમાં હતો, ને એને લીધે ભ્રાંતિ ભૂલ ને વેદના આનંદની ઝણેણાટીમાં ફેરવાઈ જતાં હતાં. પોતે ત્યાં એક માધુર્યના આલિંગનમાં હતો. એને જણાયું કે રાત્રિ તો સનાતનનું છાયામય અવગુંઠનમાત્ર છે, મૃત્યુ જીવનગૃહનું ભોંયરું છે. વિનાશમાં એને સર્જનની ઝડપી ગતિ દેખાઈ, નરક સ્વર્ગે જતો ટૂંકો માર્ગ માલૂમ પડયો.

પછી તો અચિત્‌નું જાદૂઈ કારખાનું તૂટી પડયું. આધ્યાત્મિક શ્વાસોચ્છ્‌વાસ લેતી પ્રકૃતિનો બદ્ધ આત્માનો કરાર રદ થયો. અસત્યે સત્યને પોતાના વિરૂપ સ્વરૂપને સમર્પી દીધું. દુઃખ-દુરિતના ધારાઓનો અંત આવ્યો. રાત્રિમાં ઉઘાડ શરૂ થયો, પરમ સુખસભર શુભ પ્રભાત પ્રકટયું. કાળના વિદીર્ણ હૈયાના વ્રણો રુઝાઈ ગયા. ભેદો ભૂંસાઈ ગયા, કેમ કે હવે પ્રભુ ત્યાં હતો. આત્માએ સભાન શરીરને પોતાના પ્રકાશથી દેદીપ્યમાન બનાવ્યું. જડતત્ત્વ અને બ્રહ્મસત્તા હળીમળીને એકાકાર બની ગયાં.

**પછીથી રાત્રિનું છૂપું હૈયું એ નીરખી શકયોઃ**
**નરી અચેતનાકેરા શ્રમે એના**
**કરી ખુલ્લી અપારા ઘોર રિક્તતા.**
**ખાલી અનંતતા એક હતી, આત્મા ન ત્યાં હતો;**
**ઈન્કારતો સદાકેરું સત્ય, એવો નિસર્ગ જે**
**તે શેખીખોર ને મિથ્યા સ્વાતંત્ર્યે સ્વવિચારના**
**પ્રભુનો કરવા લોપ અને રાજ્ય એકલો જ ચલાવવા**
**આશા રાખી રહ્યો હતો.**
**હતો ન રાજ અતિથિ, સાક્ષી જ્યોતિ હતી નહીં;**
**સાહ્ય લીધા વિના સૃષ્ટિ**
**એ પોતાની નિરાનંદ સર્જવા માગતો હતો.**
**એની વિશાળ ને અંધ આંખ દૈત્ય-કાર્યો જોઈ રહી હતી,**
**હતા સાંભળતા એના બ્હેરા કાન અસત્ય, જે**
**એના મૂગા ઓઠ ઉચ્ચારતા હતા;**

મોટાં રૂપો હતી લેતી મહાઘોર અને વિપથગામિની
એની સ્વચ્છંદ કલ્પના,
આંદોલાતી હતી ક્રૂર ખ્યાલોવાળી
મનોહીન એની ઇન્દ્રિયચેતના;
ઉત્પન્ન કરતાં એક પશુભાવી સિદ્ધાંત જિંદગીતણો
આપ્યો પાપે અને દુઃખે જન્મ દાનવ જીવને.
અરૂપ ગહનોકેરા થયા ઊભા અરાજકો,
આસુરી જીવ જન્મ્યા ને બળો દૈત્ય સ્વભાવનાં,
વિશ્વવ્યાપી અહંકારો વાસનાએ, વિચારે ને વિકલ્પથી
સકંજે ત્રાસ આપતા,
વિશાળાં મન ને જન્મ્યાં જીવનો જ્યાં હતો ના આત્મ અંતરેઃ
અધીરા વિશ્વકર્માઓ ભ્રમકેરા નિવાસના,
વિશ્વે વ્યાપેલ અજ્ઞાન ને અશાંતિ છે તેના પટનાયકો,
શોક ને મર્ત્યતાકેરા પ્રવર્તકો,
અધોગર્તતણા કાળા કલ્પો મૂર્ત્ત પોતામાં કરતા હતા.
આવ્યો પોલાણમાં એક છાયાભાવી પદાર્થ, ને
જન્મી આકૃતિઓ ઝાંખી વિચારશૂન્ય શૂન્યમાં,
મળ્યાં વમળ સર્જંતાં વિરોધી અવકાશને
જેની કાળી ગડીઓમાં આત્મસત્-તા કલ્પતી લોક નારકી.
ત્રિગુણા તમની પટ્ટી વીંધીને આંખ એહની
ઓળખી કાઢતી દૃષ્ટિ તેમની અંધ મીટનીઃ
અસ્વાભાવિક અંધારે ટેવાઈ તે નિહાળતી
સત્યરૂપ બનાવેલી અસત્યતા,
અને રાત્રી બનાવેલી સચેતના.
ઉગ્ર, કરાળ ને રૌદ્ર એક ભુવન એ હતું,
ભીમરૂપ વિપત્કારી સ્વપ્નાંઓનું ગર્ભસ્થાન પુરાતન,
તમિસ્રે ગૂંચળું વાળી રહેલું કીટ-પોત શું
સ્વર્ગના તારકોકેરા
ભાલાઓની અણીઓથી જે તમિસ્ર એને રક્ષિત રાખતું.
દરવાજો હતું એહ અસત્ એક અનંતનો,

હતું એ શાશ્વતી પૂરેપૂરી ઘોર સ્વતંત્ર અસ્તિઓતણી,
અધ્યાત્મ વસ્તુઓકેરો નકાર હદપારનો.
આત્માને ભુવને જેઓ એકવાર સ્વયમેવ પ્રકાશતા,
બદલાઈ હવે તેઓ પોતાનું તિમિરે ભર્યું
ઊલટું રૂપ પામતાઃ
ઘબી સત્ત્વ જતું એક અર્થહીન અભાવમાં,
જે તે છતાં હતું શૂન્ય વિશ્વોને જન્મ આપતું;
અચિત્ ગળી જઈ વૈશ્વ મનને ઉપજાવતું
હતું બ્રહ્માંડ પોતાની પ્રાણહારી સુષુપ્તિથી;
પડેલો પરમાનંદ ભાન ખોઈ કાળા પ્રાણ-વિરામમાં,
વીંટળાયેલ પોતાની આસપાસ પડી 'તી પરમા મુદા
વળી પાછી કુંડાલાકારની મહીં,
પ્રભુનો શાશ્વતાનંદ,
જન્મ છે જ્યાં મહાપીડા ને મૃત્યુ ઘોર યાતના
ત્યાં મૂગા લાગણીહીન જગકેરી જમીનમાં
સ્થાપી સ્થિર કરાયલા
ક્રોસની પર ખીલાઓ મારી દુઃખી દશામાં છે જડયો હજુ
વ્યથા ને શોકના જૂઠા મર્મવેધક રૂપમાં,
કે રખે સઘળું પાછું અતિ શીઘ્ર
પલટાઈ જઈ રૂપ પરમાનંદનું ગ્રહે.
સર્પ-ત્રિકતણા કાળા પોતાકેરા ત્રિપાદાસનની પરે
બેઠી છે ચિંતના પૂજારિણી પાપવિકારની,
વિપરીત નિશાનીઓ દ્વારા શાસ્ત્ર વાંચતી એ સનાતન,
ચોકઠું પ્રભુતાકેરું જિંદગીનું ઊલટાવી દેતી જાદૂતણે બળે,
અંધકારસ્થ માર્ગોમાં આસનશ્રેણિમધ્યના,
દીવા જ્યાં દુષ્ટ આંખોના છે ને બાજુ આવેલા ઓરડામહીં
પ્રાણઘાતક સૂરોએ સ્તોત્રનું ગાન થાય છે
તે વિચિત્ર નારકીય અને કાળા ધર્મના આલયોમહીં
અપવિત્ર મંત્રશબ્દ ઉચ્ચારી અભિચારનો
અનિષ્ઠ ભાખતી દીક્ષાધારિણી ઘોર ગૂઢ ત્યાં

રહસ્યમયતાઓનો વિધિ પોતાતણો આચરતી હતી.
વ્યથાવ્યાકુલ હૈયાને અને દેહમાટીને લલચાવતો
હતું ત્યાં દુઃખ ખોરાક નિત્યકેરો નિસર્ગનો,
હતી અત્યંત પીડા ત્યાં વિધિસૂત્ર મુદાતણું,
સ્વર્ગીય સુખની ત્રાસ કરતો ત્યાં વિડંબના.
પ્રભુનો બેવફા માળી બન્યું 'તું શુભ, તે તહીં
પાતું પુણ્યતણું પાણી વિશ્વના વિષવૃક્ષને,
બાહ્ય વચન ને કર્મ વિષયે સાવધાન એ
પાખંડનાં પ્રસૂનોની કલમોને દેશી પાપે ચઢાવતું.
ઉમદા વસ્તુઓ સર્વ સેવતી 'તી નીચેના લોકમધ્યના
પોતાના વિપરીતને:
દેવોકેરાં સ્વરૂપોને પાળવો પડતો હતો
ધર્મ દાનવ લોકનો;
મુખ સ્વર્ગતણું છદ્મ અને ફંદો બની નરકનો જતું.
મોઘ ગોચર દૃશ્યોને હૈયે ઘોર કર્મના અમળાટથી
ભરેલા મર્મની મહીં
સીમાતીત અને આછી અવલોકી એણે ત્યાં એક આકૃતિ;
જન્મેલી વસ્તુઓને સૌ ગળી જાનાર મૃત્યુની
પર આસીન એ હતી.
થીજેલું સ્થિર મોઢું ને સ્થિર એની હતી આંખો બિહામણી,
છાયા શા લાગતા એના પ્રલંબાવેલ હસ્તમાં
હતું ઘોર ત્રિશૂળ, ને
વીંધતી એ હતી સર્વ પ્રાણીઓને એક ભાગ્યવિધાનથી.

હતું નહીં કશું જ્યારે ચૈત્યહીન જડતત્ત્વ વિના, અને
આત્મારહિત પોલાણ હતું હૃદય કાળનું
ત્યારે સ્પર્શી પ્રાણશક્તિ પ્હેલ વ્હેલી સંજ્ઞારહિત ગર્તને;
ખાલીખમ હતું તેને જગાડીને
આશાનું ને દુઃખકેરું એને ભાન કરાવિયું,
સ્વકીય દૃષ્ટિથી જેમાં પ્રભુ પોતે રહેલો છે છુપાયલો

તે અગાધા રાત્રિને ઘા કર્યો એણે પોતાના મંદ રશ્મિથી.
એ સૌ વસ્તુમહીં સત્ય સુપ્ત ને ગૂઢ તેમનું
શોધવા માગતી હતી,
ને સંજ્ઞાહીન રૂપોને પ્રેરનારો અનુચ્ચારિત શબ્દ જે
તેને તે ઢૂંઢતી હતી;
અદૃશ્ય ઋતધર્માર્થે પ્રભુનાં ગહનોમહીં
વલખાં વીણતી હતી,
આછા અંધારથી પૂર્ણ અવચેતનતામહીં
એના માનસને માટે ફાંફાં એ મારતી હતી,
મથતી શોધવા માર્ગ આત્મા માટે અસ્તિત્વે આવવાતણો.
પરંતુ રાત્રિમધ્યેથી અન્ય ઉત્તર આવિયો.
બીજ એક નખાયું 'તું એ રસાતલ-ગર્ભમાં,
મૂક ને ન શલાકાએ શોધી કાઢેલ છોતરું
હતું વિકૃત સત્યનું,
હતો કોષાણું કો એક અસંવેદી અનંતનો.
ગર્ભે પ્રકૃતિના ઘોર નિજ વૈશ્વ સ્વરૂપમાં
અવિદ્યાએ કર્યો સજ્જ જન્મ દારુણતાભર્યો,
પછી અઘોર કો એક દૈવકેરા વિનાશક મુહૂર્તમાં
સાવ અચિત્‌તણી નિદ્રાથકી કૈંક સમુદ્‌ભવ્યું,
સૂચવંતુ અનિષ્ટને;
મૂક શૂન્યે અનિચ્છાથી આપ્યો 'તો જન્મ એહને,
એણે વિનાશના ઘોર રાક્ષસી સ્વશરીરની
છાયા ભૂ પર પાથરી,
ઠંડાંગાર કરી દીધાં સ્વર્ગો એણે ધમકી આપતા મુખે.
આપણા વિશ્વને માટે વિજાતીય અસીમ કો
શક્તિ એક અનામી ને છાયા-ઘેર્યો એક સંકલ્પ ઉદ્‌ભવ્યો.
માપ્યો ન કોઈથી જાય એવા એક કલ્પનાતીત આશયે
વિરાટ એક અસતે વાઘા રૂપતણા ધર્યા,
અચેત ગહનોકેરા અજ્ઞાને હદપારના
ઢાંકી શાશ્વતતા દીધી શૂન્યાકાર અવસ્તુથી.

શોધનારા મને લીધું સ્થાન જોનાર ચૈત્યનું:
ભીમકાય અને ભૂખ્યા મૃત્યુકેરું રૂપ જીવન ધારતું,
બદલાઈ ગયો બ્રહ્માનંદ વિશ્વવ્યાપી દુ:ખસ્વરૂપમાં.
રહી તટસ્થ પોતાને પ્રભુ પ્રચ્છન્ન રાખતો
હતો તે ખાતરી થતાં
જીતી દિગ્દેશને લેતો ઘોર એક પ્રતિરોધ મહાબલી.
જૂઠાણું, મૃત્યુ ને શોક પર રાજા જેમ રાજ્ય ચલાવતા
એણે પૃથ્વી પરે ક્રૂર આધિપત્ય સ્થાપ્યું દોરદમામથી;
મૂળ શિલ્પતણી શૈલી ભૂના ભાગ્યવિધાનની
વિસંવાદી કરી દઈ
આદિ સંકલ્પ વિશ્વાત્માતણો એણે અસદ્રૂપ બનાવિયો,
પ્રક્રિયા દીર્ઘ ને ધીરી ધૈર્ય ધારંત શક્તિની
મહામથનની સાથે સંયોજી, ને
અઘોર પલટાઓની સાથે સંકલિતા કરી.
ભ્રમારોપ કરી મૂળ તત્ત્વમાં વસ્તુઓતણા
રૂપ અજ્ઞાનનું એક આપ્યું એણે સર્વ-વિદ્ ઋતધર્મને;
એણે સંભ્રમમાં નાખ્યો જિંદગીના ગૂઢ આશયમધ્યના
ખાતરીબંધ સ્પર્શને,
જડતત્ત્વતણી નિદ્રામહીં છે જે અંત:સ્ફુરિત જ્ઞાનથી
માર્ગદર્શન આપે છે તેને ચૂપ બનાવિયો,
વિરૂપિતા કરી નાખી જંતુઓ ને જનાવરો
કેરી સહજ-પ્રેરણા,
વિચારે જન્મ લેનારી માનવીની મનુષ્યતા
કરી નાખી એણે કુરૂપતાભરી.
સાદી-સીધી પ્રભા આડે છાયા એક પડી ગઈ:
ગુહા-ગહ્વરમાં સત્યજ્યોતિ જે જલતી હતી,
ને રાજતો હતો દેવ દેવળે જે તેને સંગાથ આપતી,
ગુપ્તતાના સ્થિર કો પટ-પૂઠળે
વેદિકાગૃહમાં દૃષ્ટે કોઈની યે પડયા વણ પ્રકાશતી,
તે સત્યજ્યોતિ પે એક અંધકાર ફરી વળ્યો.

વિરોધી શક્તિ આ રીતે જન્મ પામી ભયંકરી,
શાશ્વતી જગદંબાના મહાબલ સ્વરૂપની
કરતી જે વિડંબના,
અને રાત્રિમહીં છાયામૂર્ત્તિ સ્વીય વિકૃતા વર્ણધૂસરી
વિસ્તારી, કરતી હાંસી માની જ્યોતિર્મયી અનંતતાતણી.
આરોહંતા ચૈત્યકેરા ભાવાવેગ વચ્ચે અટક નાખતી,
લાદતી એ બલાત્કારે
ખમચાતી અને ધીરી ગતિ જીવનની પરે;
ગૂઢ વર્તુલરેખાની પર ક્રમવિકાસની
છે મુકાયેલ જે એના હસ્તનો ભાર દાબતો
તે દિશા બદલી નાખી એની એના વેગને મંદ પાડતોઃ
એના છેતરતા ચિત્તકેરી કુટિલ રેખને
ન જોઈ શકતા દેવો, ને લાચાર મનુષ્ય છે;
દાબી ચૈત્યાત્મ મધ્યેનો દઈ ઈશ-સ્ફુલિંગને
નિપાત પશુતા પ્રત્યે બલાત્કારે કરાવે એ મનુષ્યનો.
છતાં ભીષણતાયુક્ત ચિત્તે એના સહજસ્ફુરણાભર્યા
કાળને હૃદયે 'एक एव' કેરી વૃદ્ધિ અનુભવંત એ,
ને એ નિહાળતી ઢાળામહીંથી માનવીતણા
અમૃતાત્મા પ્રકાશતો.
પોતાના રાજ્યને વાસ્તે ધાસ્તી એની મહીં રહે
ને ભયે ને રોષે જાય ભરાઈ એ,
અટૂલા આત્મ-તંબૂની મહીંથી રશ્મિ નાખતી
જે પ્રત્યેક જોત અંધકારમધ્યે પ્રકાશતી
હિંસ્રની જેમ તે એની આસપાસ ફર્યા કરે
ઘોર ચોરતણી ચાલે ચૂપચાપ આશા પ્રવેશની કરી
દિવ્ય બાલકને પૂરો કરી દેવા એના પારણિયામહીં.
કળી શકાય ના એવાં છે એનાં બળ ને છળ,
મોહિની ને મૃત્યુરૂપ હોય છે સ્પર્શ એહનો;
શિકારના જ આનંદ દ્વારા મારી નાખતી સ્વ શિકાર એ;
શુભનેય બનાવી દે આંકડી એ ખેંચી નરકમાં જવા.

એને લીધે જગત્ દોડી જતું ઘોર પોતાની યાતના ભણી.
ઘણી યે વાર તો યાત્રી જતો શાશ્વતને પથે
કારણે વાદળાંતણા
મનના ઝંખવાયેલા ચંદ્રે ચાલે અલ્પસ્વલ્પ પ્રકાશમાં,
કે વિમાર્ગે લઈ જતી
વાંકીચૂંકી ગલીઓમાં એકલો આથડયા કરે,
કે મળે નવ જ્યાં માર્ગ એવા રણ-પ્રદેશમાં
જઈ ગાયબ થાય છે,
ને પરાભવ પામીને એની સિંહ-છલંગથી
પરાજિત બની બંદી પડે એના પંજા નીચે ભયંકર.
બળુંબળું થતા શ્વાસે
અને કામી ઊંહકારે નાશકારક મોંતણા
મદમસ્ત બનેલ એ,
પવિત્ર અગ્નિનો એકવારનો જે સહચારી સખા હતો
તે મર્ત્ય માનવી જાય મરી ઈશ પ્રતિ ને જ્યોતિની પ્રતિ,
એને હૈયે અને ભેજે વિરોધી કો એક રાજ્ય ચલાવતો,
માતૃશક્તિતણી પ્રત્યે વેરભાવે વર્તનારા સ્વભાવનો.
પાર્થિવ પ્રકૃતિને જે મોટી મોટી બનાવતી
અને એનું મૂળ રૂપ બગાડતી,
તે આસુરી અને દૈત્ય-સ્વભાવી શક્તિઓતણી
આધીનતાતણો અંગીકાર પ્રાણ કરંત ને
સેવામાં એમની અર્પી દેતો સૌ નિજ સાધનોઃ
પાંચમા વ્યૂહનો શત્રુ બુકાનીમાં અવ દોરે વિચારને;
નિરાશાવાદના એના ચાલાક મર્મરાટથી
શ્રદ્ધા હણાઈ જાય છે,
ને હૈયામાં રહીને કે બ્હારથી કાન ફૂંકતો,
પાપી ને તિમિરગ્રસ્ત જૂઠાબોલી પ્રેરણાઓ સુણાવતો,
દિવ્ય પદ્ધતિને સ્થાને નવીની સ્થાપના કરે.
આત્માના શૃંગને માથે એક નીરવતા ઠરે,
પડદા પૂઠના દેવમંદિરેથી પ્રભુ પાછો જતો રહે,

વધૂનો ખંડ છે ખાલી ને ઉષ્માહીનતાભર્યો;
આભામંડળ સોનેરી ન હવે નજરે પડે,
પ્રસ્ફુરે ન હવે શુભ્ર રશ્મિ અધ્યાત્મતાતણું,
ને સદાકાળને માટે ચુપકીદી છૂપો અવાજ ધારતો.
ચોકિયાત-મિનારાને દેવદૂત
યાદીકેરે ચોપડેથી ચેકી નાખે નામ એક લખાયલું;
સ્વર્ગમાં કરતી ગાન જ્વાળા એક ઠરી મૂક થઈ જતી,
સત્યાનાશમહીં અંત આવે આત્માકેરી વીરકથાતણો.
દુ:ખપર્યવસાની આ વાત આંતર મૃત્યુની
દિવ્ય તત્ત્વતણો જ્યારે અર્થદંડ અપાય છે
અને મન તથા દેહ મરવા કાજ જીવતાં.

કેમ કે પરમાત્મા દે રજા માધ્યમોને પ્રવર્તવાતણી,
અને છે સૂક્ષ્મ ને ભીમકાય ભીષણ શક્તિઓ
જેઓ ઢાલ બનાવે છે અવિદ્યાના બનેલા ઢાંકણાતણી.
ઓલાદ ઘોર ગર્તોની ને તામિસ્ર બલના કાર્યવાહકો,
વિદ્વેષી જ્યોતિના, તેઓ અસહિષ્ણુ બને છે શાંતિની પ્રતિ,
સખા ને ભોમિયાકેરું લઈ રૂપ બનાવટી
મન આગળ આવતા,
હૈયે શાશ્વત સંકલ્પ છે જે તેની સામે વિરોધમાં પડે,
અને નિગૂઢ ને ઊર્ધ્વ ઉદ્ધારંતા
સ્વરૈકય સાધનારાને સંતાડે અવગુંઠને,
એની વિજ્ઞાનવાણીનાં બનાવાતાં આપણે કાજ બંધનો;
દ્વારોએ પ્રભુનાં મારી દે એ તાળાં ચાવીએ સંપ્રદાયની,
ધર્મધારાતણા દ્વારા બ્હાર રાખે અશ્રાંતા પ્રભુની કૃપા.
માર્ગે માર્ગે પ્રકૃતિનાં નિજ થાણાં છે બેસાડેલ એમણે,
જ્યોતિની વણજારોને આવતાં અવરોધતા;
જ્યાં જ્યાં પ્રવૃત્ત થાયે છે દેવો ત્યાં ત્યાં આવી એ વચમાં પડે.
ઝૂંસરી છે નખાયેલી તમે છાયા હૈયા ઉપર વિશ્વના,
ઢાંકી રખાય છે એના ધબકારા પરમોચ્ચ મુદાથકી,

ને ઝગારા મારનારા મનની સીમ બાંધતી
પરિરેખા રચે બાધા સ્વર્ગના દિવ્ય અગ્નિના
પ્રવેશો સૂક્ષ્મ થાય ત્યાં.
કાળા સાહસિકો જીતી જતા હોય એવું હંમેશ લાગતું;
દેતા તેઓ ભરી પાપ-સંસ્થાઓએ નિસર્ગને,
સત્યના વિજયોને દે પલટાવી પરાજયે,
છે સનાતન ધર્મો તો જૂઠાણાં, એ એવી ઉદ્‌ઘોષણા કરે,
ને માયાવી અસત્યોથી લાદે પાસા વિનાશના;
વિશ્વનાં મંદિરોમાં એ બેઠા છે સ્થાનકો લઈ,
ને પચાવી પડયા છે એ એનાં રાજસિંહાસનો.
દેવોની ઘટતી જાતી તકો પ્રત્યે તિરસ્કાર બતાવતા,
સૃષ્ટિ જાગીર પોતાની છે જીતેલી એવો દાવો રજૂ કરે,
અને કાળતણા પોતે પોલાદી પ્રભુઓ બની
પોતાને અભિષેકીને માથે મુગટ પ્હેરતા.
પૂરા પાવરધા ઈન્દ્રજાળના ને મ્હોરાંના કાર્યની મહીં,
સૃષ્ટિનાં પતનોના ને પીડાઓના કળાકુશળબાજ એ,
માટીને મંદિરે પૃથ્વીલોકની જિંદગીતણા
વિજયી રાત્રિની યજ્ઞવેદિઓની એમણે રચના કરી.
પવિત્ર અગ્નિની ખાલી પડેલી પ્રાન્ત ભૂમિમાં
કોઈથી જાય ના ભેદી એવી આછા અંધારે ભર આડની
સામે આવેલ વેદીની પીઠે ચાલી રહેલી વિધિ ગૂઢ, ત્યાં
ધારી કિરીટ ગંભીર મંત્રપાઠે પુરોહિત
બોલાવી હૃદયે સ્વીય લાવે છે ઘોર સંનિધિઃ
પ્રભાવપૂર્ણ આપીને નામ પાવન એમને
મંત્રાક્ષરો ચમત્કારી ઉચ્ચારે એ જાદૂઈ સંહિતાતણા
અને આવાહતો કાર્ય અણદીઠ પ્રસાદનું;
દરમ્યાન, ધૂપની ને જપાતી પ્રાર્થના વચે,
જગ જેથી રહ્યું ત્રાસી તે સૌ ઘોર સતામણી
મેળવાતી, મનુષ્યના
હૈયાકેરી કટોરીમાં ફેનથી ઊભરી જતી,

ને ધર્મપૂત મદિરા રૂપે રેડી એ સમર્પાય એમને.
દેવતાઈ ધરી નામો દોરતા એ અને રાજ્ય ચલાવતા.
આવ્યા છે એ વિરોધીઓ બનીને પરમોચ્ચના
એમના એક લોકથી,
છે જ્યાં વિચાર ને શક્તિ પણ આત્મા નથી જહીં,
ને વિશ્વની વ્યવસ્થાને સેવે તેઓ દુશ્મનાવટ દાખવી.
રાત્રિનો આશરો લે એ અને ત્યાંથી યુદ્ધની યોજના કરે.
અર્ચિની અસિ ને જ્યોતિર્મયી આંખ વિરુદ્ધમાં
ગાઢ અંધારને કિલ્લે બુર્જ પૂઠે એમનો વસવાટ છે
અસૂર્ય શાંત એકાંતમધ્યે સલામતીભર્યોઃ
ભમતું રશ્મિ સ્વર્ગીય પ્રવેશી શકતું ન ત્યાં.
ધારી બખ્તર ને જીવલેણ છદ્મવેશે રક્ષાયલા રહી,
જાણે કે શિલ્પશાળામાં સર્જનાત્મક મૃત્યુની
દૈત્યરૂપ સુતો અંધકારકેરા બેસીને ત્યાં પ્રયોજતા
પૃથિવી પરનું નાટ્ય, રંગમંચ વિનાશાત્મક એમનો.
પડેલા વિશ્વનો જેઓ ઉદ્ધાર કરવા ચહે
તે બધાને અવશ્ય આવવું પડે
એમની શક્તિની કાળી કમાનો હેઠ કારમી;
કેમ કે દેવતાઓનાં પ્રભાપૂર્ણ બાળકોનેય નાખવા
અંધકારમહીં ખાસ એમનો અધિકાર છે,
હક છે ઘોરતાભર્યો.
નરકાલયને પાર કર્યા વગર કોઈએ
પ્હોંચી ના સ્વર્ગમાં શકે.

વિશ્વોના સફરીને આ સાહસે ખેડવું પડે.
અતિપ્રાચીન આ દ્વન્દ્વયુદ્ધે યોધ બનેલ એ
પ્રવેશ્યો મૂક ને આશા છોડતી રાત્રિની મહીં
જ્યોતિર્મય નિજાત્માથી પડકારો આપતો અંધકારને.
ઊમરાના તિમિરને પગલાંએ ભયભીત બનાવતો
આવ્યો એ ઉગ્ર ને દુઃખપૂર્ણ એક પ્રદેશમાં

વસતા જ્યાં હતા જીવો આસ્વાદ જેમને કદી
મુદાનો ન થયો હતો;
જન્મથી અંધ લોકોની જેમ તેઓ જ્યોતિ શું તે ન જાણતા,
સૌથી ખરાબની સૌથી સારા સાથે કરતા તે બરાબરી,
એમની દૃષ્ટિએ પુણ્ય મુખ પાપતણું હતું,
દુઃખ—દુરિત તેઓની સ્વાભાવિક હતી સ્થિતિ.
ઘોર શાસનની દંડ દેતી દારુણ પદ્ધતિ
દુઃખ ને શોકને દેતી હતી રૂપ સામાન્ય કાયદાતણું,
હર્ષહીણું બની જાય જગ આખું એવો હુકમ કાઢતી;
એણે જીવનને દીધું પલટાવી
સખ્ત સ્હેણીતણા ધર્મપ્રકારમાં,
એણે રિબામણી દીધી બનાવી રોજરોજનો
તહેવાર સુખે ભર્યો.
સુખને દંડ દેનારો થયો પસાર કાયદો;
ઘોર પાપો ગણી હાસ્ય ને પ્રમોદકેરી બંધી થઈ ગઈઃ
મન પ્રશ્ન કરે ના તે લેખાતું 'તું શાણું સંતોષથી ભર્યું,
મંદતાપૂર્ણ હૈયાનું ઔદાસીન્ય શાંતિનું નામ પામતુંઃ
નિદ્રા હતી ન ત્યાં, તંદ્રામાત્ર આરામમાં હતી,
આવતું મૃત્યુ, તે કિંતુ આપતું ના હતું રાહત અંત વા;
જીવ જીવ્યા જ હંમેશાં કરતો ને સહ્યા જ કરતો વધુ.
વધુ ઊંડે તપાસીને
રાજા તાગ દુઃખના એ રાજ્યનો કાઢતો હતો;
યાતના પૂઠ એથીયે ચઢી જાતી અઘોર યાતનાતણા
જગનો ત્રાસ રાજાની આસપાસ વૃદ્ધિમંત થયો હતો,
ને એ ત્રાસમહીં મોટો દુષ્ટ આમોદ આવતો
થતો જે ખુશ પોતાની ને પરાયાંતણી ઘોર વિપત્તિથી.
ત્યાં વિચાર અને પ્રાણધારણા, બે લાંબી શિક્ષા બન્યાં હતાં,
બોજારૂપ હતો શ્વાસ, અને આશા શાપરૂપ હતી તહીં,
દેહ બન્યો હતો ક્ષેત્ર યંત્રણાનું ને પુંજીભૂત પીડનું;
એક દુઃખ અને બીજા દુઃખની વચગાળમાં
જોવાતી વાટ જે તે જ હતી આરામની સ્થિતિ.

હતો નિયમ આ ત્યાં સૌ વસ્તુઓનો
ને એને પલટો દેવાતણું સ્વપ્ન ન કોઈ સેવતું હતું:
કઠોર ગમગીનીએ ભર્યું હૈયું
ને ના હાસ્ય કરે એવું મન કર્કશતાભર્યું
ઓચાવીને બનતી અળખામણી
મીઠાઈ હોય ના તેમ હડસેલી સુખને મૂકતાં હતાં;
થકવી નાખનારી ને કંટાળો ઉપજાવતી
શાન્તાવસ્થા હતી તહીં:
દુઃખસહનથી માત્ર જિંદગીમાં રંગ કૈં આવતો હતો;
પીડાકેરા મસાલાની
ને મીઠાની અશ્રુઓના હતી એને જરૂરત.
મટી હોત જવાતું તો જાત રૂડું બધું બની;
તે ન તો કૈં મળે મોજ તીવ્રતાએ ભર્યાં સંવેદનો વડે:
ઈર્ષાની ઉગ્રતા હૈયું ખવાતું બાળતી હતી,
ખૂનખાર ઝેરવેર અને લોલુપતાતણો
મારતો ડંખ ત્યાં હતો,
લલચાવી જઈ ખાડે પાડે એવી થતી ત્યાં કાન-ફૂંકણી,
ને દગાબાજ ઘા થતો,
મંદ ને દુઃખથી પૂર્ણ ઘડીઓ પર આ બધાં
ચમકીલાં છાંટણાં પાડતાં હતાં.
દુર્દશાનું નાટય ચાલી રહેલું અવલોકવું,
અમળાતા દુખી જીવો દાંતા નીચે અભાગ્યના,
રાત્રિમાં શોકની દૃષ્ટિ દયાજનકતાભરી,
મહાત્રાસ અને હૈયું ભયનું ઘણ મારતું,
આ સૌ ભર્યાં હતાં ભારે કટોરામાંહ્ય કાળના,
કડવા સ્વાદથી એના ખુશાલી ઉપજાવતાં
ને એની મોજ લેવામાં સહાય કરતાં હતાં.
આવી દારુણ સામગ્રી
રચતી 'તી જિંદગીની લાંબી નરકયાતના:
કાળા કરોળિયાકેરી જાતના તંતુ આ હતા
જેમાં જીવ ઝલાતો 'તો ધ્રૂજતો ને લપેટાયેલ તંતુએ;

આ હતો ધર્મ, આ ધારો હતો પ્રકૃતિનો તહીં.
હીન એક મંદિરે દુષ્ટતાતણા
કાળી કોક દયાહીન શક્તિની એક મૂર્તિને
પૂજવાને વળી વાંકા શૈલહૈયાચોક ઓળંગવા પડે,
દુર્ભાગ્યનાં તલો જેવી ત્યાંની ફરસબંધીઓ
વટાવીને જવું પડે.
હર પથ્થર ત્યાં એક હતી ધાર તીક્ષ્ણ નિર્દય શક્તિની,
રેંસાયેલાં વક્ષકેરા થીજી ગયેલ રક્તથી
લબદાઈ લગાયલો,
ગાંઠાળાં રૂક્ષ વૃક્ષો ત્યાં મરતાં માણસો સમાં
ઊભાં 'તાં અકડાયેલી સ્થિતિમાં યાતનાતણી,
હર બારી થકી બ્હાર ડોકિયું કરતો હતો
અનિષ્ટ ભાખતો હોતા હત્યા રૂપી મોટી મ્હેરતણે સમે
ગાતો સ્તોત્ર મહિમ્નનું,
પુરો ઉન્મૂલ, પ્રધ્વંસ પામેલાં ગૃહ લોકનાં,
દાઝયા-તડફતા દેહો-હત્યાકાંડ હતો બોંબતણો બધો.
ગાતા એ, "શત્રુઓ ભોંયભેળા, ભોંયભેળા અમ થયેલ છે,
એક વારેય જે આવી પડે આડે અમારી મરજીતણી,
પ્રહાર તેમને માથે થાય છે, તે મર્યા પડયા;
કેવા મોટા અમે છીએ, તું યે કેવો દયાળુ છે !"
પ્રભુની ઘોર ગાદીએ પ્હોંચવાને તેઓ આવું વિચારતા
ને પોતાનાં બધાં કર્મો જેની વિરુદ્ધ જાય છે
તેને આવા આદેશો પણ આપતા,
પોતાનાં કર્મને મોટું રૂપ દેતા વિભુનું વ્યોમ સ્પર્શતું,
પ્રભુને નિજ પાપોમાં સાગરીત બનાવતા.
ત્યાં દ્રવંતી દયા માટે સ્થાનની શકયતા ન 'તી,
બળ નિર્ઘૃણ ને લોઢા જેવા ભાવો તહીં સત્તા ચલાવતા,
બેતારીખી બાદશાહી ત્રાસની ને તમિસ્રની
અમલી ત્યાં બની હતી;
આણે લીધું હતું રૂપ એક કાળમુખાળા દેવતાતણું,
પોતે સર્જી હતી ઘોર દુર્દશા જે તેનું પૂજન પામતો;

એણે રાખ્યું ગુલામીમાં હતું જગત દુઃખિયું,
ને ચાલુ દુઃખની જોડે ખીલો મારી જડાયલા
હૃદયો નિઃસહાય જે
તે ગૂંદી કીચડે દેતાં
પોતાને તે છતાં એનાં પગલાં પૂજતાં હતાં,
હતું જગત એ શોકકેરું ને ઝેરવેરનું,–
શોક જેનો એકમાત્ર આનંદ ઝેરવેર છે,
ને ઝેરવેર જે માને બીજાંઓના શોકને નિજ ઉત્સવ;
દુઃખ સ્હેતા મુખે વ્યાપે વ્યાત્ત વક્રરેખાઓ કડવાશની;
દુઃખાન્ત ક્રૂરતા જોતી પોતાની ત્યાં તક ઘોર અનિષ્ટની.
એ પ્રદેશે હતો દ્વેષ મહાદૂત સ્વર્ગનો શ્યામ વર્ણનો;
કાળા મણિ સમો હૈયે ટમકી એ રહ્યો હતો,
ચૈત્યને દહતો એની અમંગલ પ્રભાથકી
એના સામર્થ્યના ઘોર ગર્તે આળોટતો રહી.
વસ્તુઓય તહીંની આ દુર્ભાવોને ઝરતી લાગતી હતી,
કેમ કે ઊભરાઈને જડમાં યે હતું મન પ્રવેશતું,
અને નિર્જીવ ચીજો યે
ઝીલેલી દુષ્ટતાદ્વારા દુષ્ટ ઉત્તર આપતી,
એમને ઉપયોગે જે
લેતાં તેઓતણી સામે બળો દ્વેષી પ્રયોજતી,
હાનિ પ્હોંચાડતી હાથ વિના ને કો વિલક્ષણ પ્રકારથી
ઓચિંતી નાખતી હણી,
નક્કી થયેલ શસ્ત્રો એ બની જાય ન દેખાતા નસીબનાં.
કે દુર્ભાગી જેલકેરી ભીંત જીવો એ પોતે જ બનાવતા,
જ્યાં ધીરે સરતી હોરા દરમ્યાન સજા પામેલ જાગતા,
ઘડીઓ જ્યાં ગણાતી 'તી ઘોર ઘંટાનિનાદથી.
ભૂંડી પરિસ્થિતિદ્વારા ભૂંડા જીવો વધુ ભૂંડા બની જતા;
હતી સભાન ત્યાં ચીજો ને બધી એ હતી વિકૃતિએ ભરી.
આ રસાતલને રાજ્યે હામ ભીડી રાજા આક્રામતો વધ્યો,
ગર્તે સૌથી વધુ ઊંડે, સૌથી તામિસ્ર હાર્દમાં
પ્રવેશ્યો ને કર્યો ક્ષુબ્ધ પાયો એનો અંધકાર વડે ભર્યો,

પ્રાચીન હકના એના દાવાની ને એની અબાધ શક્તિની
સામે સ્પર્ધાભર્યું સાહસ આદર્યું;
રાત્રિમધ્યે ઝંપલાવ્યું જાણી લેવા એના અઘોર હાર્દને,
નરકે નારકી મૂળ શોધ્યું, શોધ્યું વળી કારણ તેતણું,
યાતનાપૂર્ણ ઊંડાણો એનાં ખુલ્લાં
થયાં એના પોતાના ઉરની મહીં;
સુણ્યા કાને દઈ એણે શોર એની તુમુલાયિત આર્ત્તિનો,
સુણી ધબક હૈયાની એની પ્રાણહારી એકલતાતણી.
ઠંડીગાર અને બ્હેરી હતી ઉપર શાશ્વતી.
અવિસ્પષ્ટ અને ઘોર માર્ગોમાં સર્વનાશના
અવાજ સાંભળ્યો એણે ભૂતોકેરો મારવા કાજ દોરતો,
દૈત્ય સંકેતની એણે મોહનીઓતણો ત્યાં સામનો કર્યો,
વિરોધી વ્યાલના છૂપા છાપામધ્ય થઈ એ સંચર્યો વળી,
ડારનાર પ્રદેશોમાં ને રિબાતાં એકાંતો માંહ્ય એકલો
સાથી વગર ઘૂમ્યો એ માર્ગોમધ્ય થઈ નિર્જનતાભર્યા,
ઘાટ વગરને વ્હેણે જુએ છે જ્યાં વાટ રગતિયું વરુ,
ને ઊભી ભેખડે કાળાં ગરુડો જ્યાં કરે ચીત્કાર મૃત્યુનાં,
શિકારી કૂતરા એને ફાડી ખાનાર ત્યાં મળ્યા,
માનવીઓતણાં હૈયાં પૂઠે જે પડતા હતા
ને ભસ્યા કરતા, દૈવકેરાં ખુલ્લાં બીડોમાં થઈ દોડતા,
તલહીન રણક્ષેત્રોમાંહે અગાધ ગર્તનાં
દ્વન્દ્વયુદ્ધો કર્યાં એણે છાયાલીન મૂક નિર્નેત્ર ગહ્વરે,
સહ્યા નરકના એણે હુમલા ને પ્રહારો આસુરી સહ્યા,
ને રુઝાવામહીં ધીરા એવા ક્રૂર ઘા ઝીલ્યા ભીતરે થતા.
અવગુંઠિત માયાવી શક્તિકેરો બંદીવાન બનેલ એ
જૂઠાણાની જીવલેણ જાળમધ્યે ઝલાયલો
ને જતો ઘસડાઈ એ,
વારે વારે શોકકેરા ફાંસાઓમાં ગૂંગળામણ વેઠતો,
કે ફેંકાતો ગળી જાતા શંકાકેરા કાળા કળણની મહીં,
કે ભૂલ ને નિરાશાના ખાડાઓમાં પુરાતો પટકાઈને;
ઝેરના ઘૂંટડા એણે પીધા એના રહ્યો એકે ન ત્યાં સુધી.

આશા કે હર્ષ એકે જ્યાં આવવાને સમર્થ ના
એવે લોકે પૂર્ણ પાપરાજ્યકેરી કસોટી કારમી સહી,
છતાં એણે નિજાત્માનું પ્રભાપૂર્ણ સત્ય અક્ષત રાખિયું.
ગતિ કે બળને માટે શક્તિમાન હતો ન એ,
જડતત્ત્વતણા પૂરા નકારે કેદ અંધ એ,
મૂળાધારતણી કાળી જડતા શું જડાયલો
રાજા અશ્વપતિ હતો,
છતાં બે હાથની વચ્ચે ચૈત્યાત્માની જોત એણે ઝબૂકતી
ઝાલી રાખી મહામૂલ્ય ખજાના સમ સાચવી.
મનોવિહીન રિકતે ત્યાં સત્ત્વે એના ભીડી હામ પ્રવેશવા;
અસહિષ્ણુ મહાગર્તો હતા જે ત્યાં
તેમને ના હતું જ્ઞાન વિચારનું
કે સંવેદનનું કશું;
વિચાર વિરમ્યો, પામી લોપ ઇન્દ્રિય-ચેતના,
તે છતાં યે ચૈત્ય આત્મા એનો જોતો હતો ને જાણતો હતો.
અણુશઃ ખંડતારૂપ પામનારા અનંતમાં,
આરંભો મૂક છે જેના એવા લુપ્ત આત્માકેરી સમીપમાં,
પાર્થિવ વસ્તુઓકેરી સૃષ્ટિની કૌતુકેભરી
ક્ષુદ્ર નિઃસારતાકેરું ભાન એને થયું તહીં.
કાઢયો એણે તાગ કાળી તલહીન રહસ્યમયતાભર્યા
નિઃસીમ વ્યર્થ ઊંડાણોવાળા એ અબ્ધિઓતણો,
જહીંથી મથને પૂર્ણ ઉદ્‌ભવ્યો છે પ્રાણ મરેલ વિશ્વમાં,
કિન્તુ અચિત્‌તણાં પોલા પ્રદોષે એ ગૂંગળાઈ જતો હતો.
તહીં અનુભવી એણે
મને જેને ગુમાવી છે તે સંપૂર્ણ એકસ્વરૂપતામહીં
અસંવેદી વિશ્વકેરી સીલબંધ યથાર્થતા,
લહ્યું અજ્ઞાન રાત્રીમાં રહેલા મૂક જ્ઞાનને.
પાતાળી ગુપ્તતામાં એ આવ્યો, જ્યાં નિજ ધૂસરા
ને નગ્ન ગાદલા પાર કરે તિમિર ડોકિયું,
ને એ ઊભો જઈ છેલ્લી તાળે વાસી અવચેતન-ભૂમિએ,
સદાત્મા છે જહીં પોઢયો

અને એને ન પોતાના વિચારોનુંય ભાન કૈં
ને પોતે છે રચ્યું વિશ્વ, ને રચ્યું છે પોતે શું તે ન જાણતો.
ઢળ્યું હતું તહીં ભાવિ અવિજ્ઞાત
વાટ જોતું પોતાની ઘટિકાતણી,
વિલુપ્ત તારકોકેરી તહીં છે નોંધની વહી.
વૈશ્વ સંકલ્પના ઘેરા ઘારણે ત્યાં રાજાની નજરે પડી
ગુપ્ત ચાવી પ્રકૃતિની સ્વરૂપાંતરતાતણી.
એના સંગાથમાં એક હતી જ્યોતિ, અદૃશ્ય કર એક ત્યાં
હતો સ્ખલન ને દુઃખ પર મૂકી રખાયલો,
ઝણેણાટીભર્યા મોદે પલટો એ પામી જાય તહીં સુધી,
ધક્કો માધુર્યનો એક ભુજાશ્લેષતણા લાગે ન ત્યાં સુધી.
નિહાળ્યો રાત્રિમાં એણે છાયારૂપી બુરખો શાશ્વતાત્મનો,
ને જાણ્યું મૃત્યુને એણે જિંદગીના ગૃહનું એક ભોંયરું,
નિહાળી નાશમાં એણે સૃષ્ટિની ઝડપી ગતિ,
સ્વર્ગીય લાભના મૂલ્ય રૂપ એણે નુકસાન નિહાળિયું,
અને નરકને ટૂંકા રસ્તા રૂપ સ્વર્ગ દ્વારે લઈ જતા.
માયાના ગૂઢ ને ભેદી કારખાનામહીં પછી
ને ચમત્કારથી પૂર્ણ અચિત્ ના મુદ્રણાલયે
આદ્ય રાત્રિતણા શીર્ણ ફરમાઓ થઈ ગયા,
ને અવિદ્યાતણી પાકી પત્રછાપો છિન્નભિન્ન થઈ ગઈ.
બની પ્રકૃતિ જીવંત, શ્વાસોચ્છ્વાસ ઊંડો અધ્યાત્મ સેવતી,
કાઢયા એણે કાયદાઓ યંત્ર જેમ અકડાઈ પ્રવર્તતા,
કલમોને કરી નાખી રદ બદ્ધ આત્માકેરા કરારની,
સમર્પી સત્યને દીધી જૂઠે પાછી પોતાની પીડિતાકૃતિ.
દુઃખના કાયદાકેરાં કોષ્ટકો રદ થૈ ગયાં,
ને સ્ફુર્યા તેમને સ્થાને પ્રભાએ પૂર્ણ અક્ષરો.
અણદીઠી અંગુલીએ પ્રવીણ લહિયાતણી
અંતઃપ્રેરિત આલેખ્યા લેખ એના ફૂટડા ઝડપે ભર્યા;
પૃથ્વી ઉપરનાં રૂપો દસ્તાવેજો એના દિવ્ય બની ગયાં,
મૂર્તિમંત થઈ પ્રજ્ઞા મન જેને કરી વ્યક્ત શક્યું ન'તું,
અચિત્-તાને ભગાડાઈ વિશ્વકેરા નિઃશબ્દ ઉરમાંહ્યથી;

રૂપાંતર લભી પાકી પદ્ધતિઓ ઊહાપોહી વિચારની.
ચૈતન્યને પ્રબોધંતો નિશ્ચેષ્ટ વસ્તુઓમહીં,
અવિનાશી તણી હીર-લિપિ એણે
કાળા અણુ પરે લાદી, લાદી મૂક પિંડપુંજતણી પરે,
પતિતા વસ્તુઓકેરા ઝાંખા હૃદયની પરે
આલેખ્યું કોતરી એણે યશોગાન વિનિર્મુક્ત અનંતનું,
આલેખ્યું નામ તે છે જે પાયો શાશ્વતતાતણો,
જાગેલા હૃષ્ટ કોષોની પર એણે રેખાંકિત કર્યું વળી
અનિર્વાચ્યકેરા ચિત્રમયાક્ષરે
પ્રેમનું મધુરું ગાન વાટ જોઈ રહેલું કાળ-વિસ્તરે,
ને આલેખ્યો ગ્રંથ ગૂઢ પરમાનંદ પર્વનો
અને સંદેશ આલેખ્યો અતિચેતન અગ્નિનો.
પછી પવિત્ર ધબકો જિંદગીની થઈ પાર્થિવ દેહમાં;
નારકી ચમકારાનું થયું મૃત્યુ, મારી ના શકતું હવે.
સીધા મોરાતણા જંગી ભાગે ફાટ પડી નરકની મહીં
જાણે ધબી ગઈ હોય કો જાદૂઈ ઈમારત,
ઉઘાડ રાત્રિમાં આવ્યો અને સ્વપ્નગર્ત શી લુપ્ત એ થઈ.
રિકત આકાશને રૂપે પાવડાટી ખાલી જેને કરેલ છે
તે અસ્તિત્વતણા પોલાણની મહીં
સ્થાન આ ભૂમિકાએ જે છે લીધેલું અનુપસ્થિત દેવનું,
ત્યાં વિશાળી અંતરંગી પરમાનંદથી ભરી
આવી રેલાયલી ઉષા,
કાળના દીર્ણ હૈયાએ
બનાવેલી વસતુઓના ઘા રુઝાઈ ગયા બધા,
અને પ્રકૃતિને હૈયે કરી વાસ શકયો ના શોક તે પછીઃ
અસ્તિત્વ ભેદનું શામ્યું, કેમ કે પ્રભુ ત્યાં હતો.
સચેત દેહને દીપ્ત કર્યો ચૈત્યપુરુષે નિજ રશ્મિથી,
જડતત્ત્વ અને આત્મા ઓતપ્રોત એકરૂપ બની ગયા.

આઠમો સર્ગ સમાપ્ત